



# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૧૨ | ૨૩ જાન્યુઆરી, ૨૦૧૪, ગુરૂવાર; પોષ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ધુમ્મસથી ઘેરાયું ગાંધીનગર

## વહેલી સવારે તો એટલું ગાઢ ધુમ્મસ હતું કે માંડ દસ મીટર આગળ જોઈ શકાતું હતું : વાહનચાલકોને હેડલાઈટ ચાલુ રાખવી પડી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરની સવાર ધુમ્મસથી ઘેરાયેલી રહી હતી જાણે કે ગાંધીનગર ઉત્તર ભારતનું કોઈ સ્થળ હોય તેવો માહોલ અનુભવાતો હતો. ધુમ્મસના કારણે વાહનચાલકો સવારે પણ હેડલાઈટ ચાલુ રાખીને વાહન ચલાવતા હતા. વહેલી સવારે ૪ થી ૯ સુધી એટલે પાંચ કલાકના ગાળામાં ૯૪ ટકા ભેજ હોવાથી આખા શહેરનું વાતાવરણ ધુંધળું હતું. ધુમ્મસથી ઘેરાયેલું ગાંધીનગર નવા માહોલને અનુભવતું હતું. બારી કે ગાડીઓના કાચ પર ઝાકળ ભારે માત્રામાં છવાયું હતું. આ મૌસમમાં સૌથી વધારે ઘેરુ ધુમ્મસ બુધવારની સવારે જોવા મળ્યું હતું.


(તસવીર : દિપક જાની)

ઉત્તર ભારતમાં છેલ્લા ચાર દિવસથી હિમવર્ષા થઈ રહી છે જેના પગલે ગુજરાતમાં પણ ઠંડીનું મોજું પ્રસર્યુ હતું. ત્રણેક દિવસથી ભેજનું પ્રમાણ વધતા મધ્યરાત્રિ બાદ ધુમ્મસ વધતું જાય છે. સવારે સુર્યોદય બાદ પણ ધુંધળાયેલા વાતાવરણને કારણે સાંજનો માહોલ અનુભવાતો હતો. વૃક્ષોના પાંદડાઓ ઝાકળભીના બન્યા હતા. ભેજના કારણે ઠેર ઠેર ભીનાશ વર્તાતી હતી. માર્ગો-વૃક્ષો, મકાનો, વાહનો, તમામ સ્થળો અને સ્તરોમાં ધુમ્મસની ઘેરી અસર જણાતી હતી. વહેલી સવારે ચાલવાવાળાઓની સંખ્યા પણ નોંધપાત્ર હોય છે. મોર્નીંગ વોકર્સ આવા વાતાવરણમાં ચાલવામાં રોમાંચ અનુભવતા હતા. ધુમ્મસના પગલે સમગ્ર વાતાવરણમાં જાણે અસમંજસતા અનુભવાતી હોય તેમ અવરવજર પર ઘેરી અસર વર્તાતી હતી.

રાજયમાં કમોસમી વરસાદ અને ધુમ્મસના કારણે ખેડૂતો ભારે ચિંતિત બન્યા છે. વારંવાર બદલાતા વાતાવરણથી રવિ પાકના ઉત્પાદનને નુકશાનીનો ભય ઉભો થયો છે. ગાંધીનગર આસપાસના વિસ્તારોમાં ખેડૂતો ભારે મુંઝવણમાં મુકાયા છે. ચિલોડા-કુડાસણ, રાંધેજા, ઉનાવા જેવા ગામોમાં પણ ધુમ્મસની અસરના કારણે ખેતીને મોટા નુકશાનનો ભય ઉભો થયો છે.

વહેલી સવારે શાળાએ જતા બાળકો ધુમ્મસના કારણે અટવાયા હતા નાના બાળકોએ તો શાળાએ જવાનું જ માંડી વાળ્યું હતુ. લગભગ નવ વાગ્યા પછી સૂર્ય દેખાતા ધુમ્મસ ધીમે ધીમે ઓછું થતું ગયું હતું. તડકો ચઢતા ધુમ્મસ સાવ ઓગળી ગયું હતું અને છેક સાંજ સુધી વાતાવરણ સ્વચ્છ રહ્યું હતું.

ધુમ્મસભર્યા વાતાવરણના કારણે સવારે ભેજનું પ્રમાણ ૯૪ ટકા અને સાંજે ૫૭ ટકા રહ્યું હતું જ્યારે મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી નોંધાયું હતું.



# વિધાનસભાનું ૨૦મી ફેબ્રુઆરીથી ટુંકુ સત્ર

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત વિધાનસભાનું આગામી સત્ર ૨૦મી ફેબ્રુઆરીએ બોલાવવામાં આવશે. જે છ દિવસ ચાલશે.

આગામી લોકસભા ચૂંટણીને ધ્યાને રાખીને આ વખતે રાજ્ય સરકારે સંપૂર્ણ બજેટ સત્ર બોલાવવાને બદલે માત્ર પાંચ દિવસનું ટુંકુ સત્ર બોલાવીને લેખાનુદાન બજેટ રજુ કરવાનો નિર્ણય કર્યો છે. જો કે આ ટુંકુ સત્ર હજુ સુધી ક્યારે બોલાવવામાં આવશે તે અંગે કોઈ જ નિર્ણય સરકારે ન કરતાં અનેક અટકળો વહેતી થવા પામી હતી. પરંતુ આજે આ અંગેનો નિર્ણય લેવાયો છે અને એકાદ દિવસમાં તે અંગેનું આહ્વાનપત્ર જારી કરાશે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકાર આગામી ૨૦મી ફેબ્રુઆરીથી ૨૬મી ફેબ્રુઆરી સુધી પાંચ દિવસનું ટુંકુ સત્ર બોલાવવા માટેનો નિર્ણય કરેલ છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ આ ટુંકા સત્રમાં રાજ્ય સરકાર દ્વારા આગામી ચાર માસ માટેના ખર્ચ અંગેનું લેખાનુદાન અંદાજ પત્ર રજુ કરવામાં આવશે. આ ઉપરાંત ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કરવામાં આવેલ પૂરક ખર્ચને પણ વિધાનસભાની મંજુરી મેળવવા માટેનું રજુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ આ સત્ર દરમ્યાન રાજ્ય સરકાર એકાદ બે સરકારી વિધેયકો પણ લાવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

આગામી લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે આ વખતે સંપૂર્ણ બજેટના બદલે લેખાનુદાન બજેટ અંદાજે રૂ. ૪૦ હજાર કરોડનું રજુ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

છ દિવસનું આ ટુંકુ સત્ર હોવા છતાં રાજ્ય સરકારે પ્રશ્નોત્તરી દાખલ કરવાનો નિર્ણય કર્યો છે. પ્રથમ દિવસે રાજ્યપાલશ્રીનું સંબોધન થશે. તેમજ દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલિ આપી ગૃહનું કામકાજ મુલ્તવી રહેશે.

છ દિવસના આ ટુંકા સત્રમાં ૮ બેઠકો યોજાશે. જેમાં સરકારી વિધયેકો ઉપરાંત લેખાનુદાન માટેના ત્રણ દિવસની ચર્ચાનો સમાવેશ થાય છે.

# આજથી ગાંધીનગરમાં ઉપકુલપતિ પરિષદ

## ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલયના યજમાન પદે યોજાતી મહત્વની પરિષદ : પશ્ચિમ ભારતના ૪૫ યુનિ.ના વાઈસ ચાન્સેલરો આ પરિષદમાં ભાગ લઈ ઉચ્ચ શિક્ષણ અંગે મહત્વનું ચિંતન કરશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં પ્રથમવાર પશ્ચિમી રાજ્યોની યુનિ.ના વાઈસ ચાન્સેલરોની દ્વિદિવસીય પરિષદનો આરંભ થઈ રહ્યો છે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના યજમાન પદે યોજાનાર આ દ્વિદિવસીય પરિષદમાં ઉચ્ચ શિક્ષણના પ્રશ્નો અંગે તેમજ તેના વિકાસને લઈ મહત્વનું ચિંતન થશે. પશ્ચિમી રાજ્યોના ૪૫ થી વધુ વાઈસ ચાન્સેલરો આ પરિષદમાં ભાગ લઈ રહ્યા છે.

ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી એસો.ના ડૉ. સેમલન ડેવિડે જણાવ્યુ હતુ કે ફેબ્રુઆરીમાં આખા ભારતની યુનિ. ના વાઈસ ચાન્સેલરોની પરિષદ ભુવનેશ્વર ખાતે યોજાશે. પાંચ ઝોનમાં આવી ઝોન બેઠકો યોજવામાં આવે છે. આ અંતિમ બેઠક છે. આ બેઠક બાદ દરેક ઝોનમાંથી મળેલ સૂચનો પર ભુવનેશ્વર બેઠકમાં ચર્ચાઓ કરવામાં આવશે.


કડી સર્વ વિશ્વવિદ્યાલયના યજમાન પદે તા. ૨૩ અને ૨૪ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ ગાંધીનગર ખાતે રીજ્યુવેશન ઓફ હાયર એજ્યુકેશન વિષય ઉપર બે દિવસીય વાઈસ ચાન્સેલર્સ કોન્ફરન્સનું આયોજન સવારે ૯.૦૦ થી સાંજના ૫.૦૦ સુધી કરવામાં આવ્યું છે.

આ કોન્ફરન્સમાં એસોસીએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીઝ (વેસ્ટ ઝોન)ના લગભગ ૪૫ કરતા વધારે કુલપતિ ભાગ લેશે. તા. ૨૩ જાન્યુઆરીએ કોન્ફરન્સના ઉદ્‍ઘાટન બાદ સ્વાગત પ્રવચન કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી.ટી. કાપડિયા દ્વારા કરવામાં આવશે. જ્યારે કાર્યક્રમને અનુરૂપ ઉદ્‍બોધન સર્વ વિશ્વવિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રેસીડેંટ ડૉ. કનુભાઈ પટેલ દ્વારા કરવામાં આવશે. આ બે દિવસીય કોન્ફરન્સમાં ફીઝીકલ રીસર્ચ લેબોરેટરીના પ્રો. નરેન્દ્ર ભંડારી ચાવીરૂપ પ્રવચન આપશે.

● અનુસંધાન પાન-૭ પર

## NEWS બિટ્સ

### ● તેલુગુ અભિનેતા નાગેશ્વર રાવનું અવસાન



અસંખ્ય તેલુગુ ફિલ્મોમાં કામ કરનાર લોકપ્રિય તેલુગુ અભિનેતા નાગેશ્વર રાવનું અવસાન થતા તેમના ચાહકોમાં શોકની લાગણી પ્રસરી છે. નાગેશ્વર રાવને દાદા સાહેબ ફાળકે એવોર્ડ સહિત અનેક સન્માનોથી નવાજવામાં આવ્યા હતા.

### ● અમરનાથ યાત્રા ૪૪ દિવસની રહેશે



વાર્ષિક અમરનાથ યાત્રા માટેના કાર્યક્રમની જાહેરાત કરી દેવામાં આવી છે. અમરનાથ યાત્રાની ૨૮મી જૂનના દિવસથી શરૂઆત થશે. આ યાત્રા ૧૦મી ઓગષ્ટ સુધી ચાલશે. શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાને લઈને અમરનાથ શ્રાઈન બોર્ડે ૪૪ દિવસની યાત્રાની અવધિ રાખવાનો નિર્ણય કર્યો છે.

### ● ડામેસ્ટીક એરલાઈનો વચ્ચે ભાડાયુદ્ધ



સામાન્ય રીતે મંદ રહેતા જાન્યુઆરીથી માર્ચના સમયગાળામાં નબળી માંગની આગાહી કરતા નો-ફીલ્સ કેરીયર સ્પાઈસ-જેટ તેના પાયાના ભાડા અને ફયુઅલ સરચાર્જીસના તમામ સેક્ટરોમાં ૫૦ ટકા જેટલુ તીવ્ર ડીસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું છે. તે પછી મોટાભાગની ઘરેલુ એરલાઈનોએ હવાઈ ભાડામાં વ્યાપક ઘટાડો કર્યો છે. સ્પાઈસ અને જેટની નકલ કરતા જ અન્ય બે એરલાઈન કંપનીઓ ઈન્ડિગો અને ગોએર દ્વારા પણ ભાડા કાપ કરવામાં આવ્યા છે.

કોંગી ધારાસભ્યશ્રી અમીત ચૌધરીનો ગંભીર આક્ષેપ

# ઈન્દિરા આવાસ માટે કોઈ પરિવાર વંચિત નથી તેવા પ્રમાણપત્રો મેળવવા તંત્ર દબાણ કરે છે

## ગ્રામ વિકાસ એજન્સીની ગર્વનીંગ બોડીમાં નિર્મળ ગુજરાત અભિયાન માટે બેઠકવાર જનસંપર્ક અભિયાન યોજવા જણાવ્યું

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા આવા માટે કોઈ બી.પી.એલ. પરિવાર વંચિત ન હોવાના પ્રમાણપત્રો મેળવવા માટે તંત્ર દ્વારા દબાણ કરવામાં આવી રહ્યાનો ગંભીર આક્ષેપ કોંગ્રેસના ધારાસભ્યશ્રી અમીત ચૌધરીએ કર્યો છે.

તાજેતરમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની ગર્વનીંગ બોડીની બેઠકમાં તેમણે આ ગંભીર આક્ષેપ કરતાં અધિકારીઓમાં બે મનિટ માટે સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે શ્રી ચૌધરીએ નિર્મળ ગુજરાત અભિયાન અંતર્ગત એ.પી.એલ. અને બી.પી.એલ. પરિવારોમાં શૌચાલયોના નિર્માણ માટે પદાધિકારીઓ, અધિકારીઓ, સરપંચ અને સામાજિક સંસ્થાઓ દ્વારા એક જનજાગૃતિ અભિયાન યોજી પરિણામલક્ષી કામગીરી કરવા પર પણ આગ્રહ કર્યો હતો.

તેમણે ખાસ કરીને ઈન્દિરા આવાસ યોજનાની કામગીરી અત્યંત ધીમી ગતિએ ચાલતી હોવાનું જણાવી સખ્ત નારાજગી વ્યકત કરી હતી. ૪૫૦ આવાસો પૈકી વર્ષ પૂર્ણ થવા આવ્યું હોવા છતા માત્ર ૬૨ જ મકાનોના કામ પૂર્ણ થયા છે તે ખુબ જ નિરાશાજનક ચિત્ર દર્શાવે છે.

શ્રી ચૌધરીએ ગરીબલક્ષી યોજનાઓના અમલીકરણમાં ટીમ

● અનુસંધાન પાન-૭ પર





ફ્લેટ ભાડે આપવાનો છે

3 BHK ફુલ ફર્નિશ્ડ સાથેનો ઝોલ્ડ, સરગાસણ ચોકડી, એસ.જી. હાઈવે પરનો ફ્લેટ ભાડેથી આપવાનો છે.

સંપર્ક : ૯૩૭૭૧૬૨૫૧૮




Pratiyogit@ Institute

- મહેસૂલ તલાટીની સ્પે. બેચ તા. ૨૪/૧/૨૦૧૪થી શરૂ
- મહેસૂલ તલાટીની સંપૂર્ણ તૈયારી અનુભવી ફેકલ્ટી દ્વારા તથા પરીક્ષાલક્ષી મટીરીયલ સાથે
- ફ્રિ ડેમો લેક્ચર ભરો અને જાતે જ ખાતરી કરો.
- IBPS IV + SBI Clerk Exam (Expected iin March)
- ગાંધીનગરમાં Bank Exam માટે Online Softwareથી તૈયારી કરાવતું એકમાત્ર Institute
- સાથે Interviewની તૈયારી પણ અહીંયા જ.

વિશેષતાઓ....

MATHS + REASONING — વૈદિક મેથડની સરળ રીતોથી

ENGLISH + COMPUTER — Basic Topicથી પરીક્ષાલક્ષી ખૂબ જ સરળ ભાષામાં

GENERAL AWARBESS + BANKING TERMINOLOGY — બધા જ Topicની ઉંડાણમાં ચર્ચા

Add : D-3, 218, બીજો માળ, SBI Bankની ઉપર, સુપરમોલ-૧, ઈન્ફોસીટી, ગાંધીનગર

Contact : M - 8000683128
Email : pratiyogitainstitute@gmail.com